પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારીશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
૯મો માળ, બ્લોક નં.૧૪,સચિવાલય,
ગાંધીનગર.

નં. ટીપીડી/ ૪૮૯૮
તા.૧૭ / ૧૦/૨૦૦૮

વિષય :- નગર રચના યોજના, સુરત. ૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ :- (૧)નગર આયોજન અને મુલ્યાંકન ખાતાનો પત્ર ક્રમાંક : નરયો/૭૦(છાપરાભાઠા-અમરોલી – કોસાડ-ઉત્રાણ) /પરામર્શ/દગુ/૪૬૯૦ , તા.૦૩-૧૦-૦૭.
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ટીપીડી/૧૬૮૦, તા.૦૭-૦૬-૨૦૦૮.
(૪) આપશ્રીની કચેરીના હુકમ નં. નરય/૧૪૨૦૦૮/૨૬૯૨/લ, તા. ૨૩-૦૬-૦૮.

મહોદય,

ઉપરોકત વિષય અંગે સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, નગર રચના યોજના, સુરત, નં.૭૦ (છાપરાભાઠા -અમરોલી-કોસાડ-ઉત્રાણ) મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ ના કાયદાની કલમ-૪૨(૧) ની જોગવાઈઓને આધિન ઈરાદો જાહેર કર્યાના નવ માસમાં એટલે કે, તા.૦૬-૦૭-૨૦૦૮ પહેલાં પ્રસિધ્ધ કરવાનો થતો હતો. પરંતુ, સદરહુ સમયગાળા દરમ્યાન આવેલ ગુજરાત વિધાનસભાની ચુંટણી અને સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારોની ચુંટણી જેવા વહીવટી કારણોસર ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો નિયત સમયમર્યાદામાં પ્રસિધ્ધ કરી શકાય તેમ ન હોવાથી સદરહુ નગર રચના યોજના સુરત, નં.૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) નો મુસદ્દો તૈયાર કરવાની મુદત તા.૦૬-૦૭-૨૦૦૮ થી વધુ ત્રણ માસ એટલે કે, તા.૦૬-૧૦-૨૦૦૮ સુધી વધારી આપવા અંગે સંદર્ભ(૨) હેઠળના અત્રેના પત્રથી વિદિત થઈ, આપના સંદર્ભ (૩) હેઠળના કચેરી હુકમથી તા.૦૬-૧૦-૦૮ સુધીમાં મુસદ્દો પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ હતો. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૯-૦૯-૦૮ ના રોજ મળેલ સભાના ઠરાવ નં.૪૦/૨૦૦૮ અન્વયે નગર રચના યોજના સુરત, નં.૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે તથા સરકારી રાજયપત્રમાં તા.૦૪-૧૦-૦૮ ના રોજ તેમજ સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો (૧) ગુજરાત સમાચાર તથા (૨) ધબકારમાં તા.૦૫-૧૦-૦૮ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની નકલ અવલોકન અર્થે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના : પ્રતિ,મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ,બ્લોક નં.૧૪, જુના સચિવાલય, ગાંધીનગર, તરફે જાણ સારૂ.